# જેલ વિભાગમાં ફરિયાદ નિવારણ તંત્ર નીચે મુજબ કામ કરે છે.

- દરેક જેલમાં જેલ અધીક્ષક દરરોજ જેલોના નિયમિત રાઉન્ડ લઈ કેદીઓની રજૂઆતો સાંભળી નિકાલ કરે છે.
- દરેક જેલ તથા જે.ઇ.જ.શ્રીની કચેરી ખાતે નાગરિક સુવિધા કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે અને નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જે અરજદારોની રજૂઆત સાંભળી નિકાલ કરે છે.
- દરેક જેલ ખાતે સ્થાનિક સેશન્સ કોર્ટ દ્વારા વહીવટી પ્રશ્નો માટે અલગ તથા શારીરિક હેરાનગતિ માટે અલગ ફરિયાદ પેટી મુકવામાં આવી છે જેમાં કેદીઓ પોતાની ફરિયાદ કરી શકે છે.
- દરેક જેલ ખાતે જે.ઇ.જ.શ્રીની ફરિયાદ પેટી રાખવામાં આવી છે. જેમાં કેદીઓ પોતાની ફરિયાદ નાંખી શકે છે.
- જે.ઇ.જ.શ્રી તથા જેલોમાં ખાસ ઇન્સ્પેક્ટર જનરલશ્રી જેલોના ઇન્સ્પેક્શન વખતે મુલાકાત લઈ કેદીઓની રજૂઆતો સાંભળે છે તથા ઓચિંતી મુલાકાત વખતે પણ કેદીઓની રજૂઆતો સાંભળી નિકાલ કરે છે.
- દરેક જેલ ખાતે સંબંધિત સેશન્સ જજશ્રી મહિનામાં બે વખત જેલની મુલાકાત લઈ કેદીઓની રજૂઆત સાંભળે છે.
- જેલ વિઝિટર્સ બોર્ડ તથા કોર કમિટીના સભ્યો પણ દર ત્રણ મહિને જેલોની મુલાકાત લઈ કેદીઓની ફરિયાદો સાંભળી નિકાલ કરે છે.